## જન્મદિને વધામણી



**મનોજ શુક્લ**
મંત્રી, સંસ્કૃતિ
મો. ૯૮૨૫૮ ૭૯૫૨૯



**નટવર હેડાઉ**
સાહિત્યકાર, કોલમીસ્ટ
ગાંધીનગર સમાચાર
મો. ૮૯૮૦૦ ૨૯૨૧૨



**બાબુલાલ એન પાનેલીયા**
ટ્રસ્ટી, શ્રી સૌરાષ્ટ્ર લેઉવા
પટેલ સેવા સમાજ
મો. ૯૮૨૫૦ ૧૩૭૫૬



**મેહુલ પટેલ**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૨૫૦૩૮



**દિલીપસિંહ જશવંતસિંહ બ્રહ્મભટ્ટ**
પૂર્વ પ્રમુખ, બ્રહ્મભટ્ટ સમાજ
મો. ૯૮૨૪૮ ૯૧૨૬૮



**સ્વામી સદાનંદ ભારતી**
મહામંત્રી, અખિલ ગુજરાત
કુદરતી ઉપચાર અને યોગ
મહામંડળ, અમદાવાદ
રાજર્ષિ લોક સંગ્રહ સંસ્થાન,
ગાંધીનગર
ફોન : ૨૩૨૬૦૧૯૪
મો. ૯૩૭૭૫ ૩૭૭૭૦



**મૌલિક અનિલકુમાર દવે**
મો. ૯૭૨૨૨ ૧૦૨૨૫



**આરૂષ કમલેશભાઈ પ્રજાપતિ**
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦

# એમ બી સ્કૂલની બાળાઓ પિકનીકમાં



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં ધોરણ-૧ અને ૨માં અભ્યાસ કરતી કુલ ૨૩૫ વિદ્યાર્થીનીઓ માટે પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. સૅક્ટર-૨૮ના બાલોદ્યાન ખાતે આયોજિત આ પિકનીકમાં વિદ્યાર્થીનીઓએ વિવિધ રાઈડ્સમાં બેસવાની સાથે બિસ્કીટ, ચ્હા તથા અલ્પાહારનો આનંદ પણ માણ્યો હતો. શાળાનાં આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થીનીઓને આ આનંદદાયક પિકનીક કરાવવા બદલ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

### અમેરિકામાં યોજાય તે પહેલાં

# ડૉ. દર્શન શાહની તસવીરોનું પ્રદર્શન 'ક કાશ્મીરનો ક' અમદાવાદમાં યોજાયું



ગાંધીનગર, તા. ૪

તસવીર કલાને આત્મસાત કરીને રંગબેરંગી કુદરતી નઝારાને કચકડે કંડારતા પાલનપુરના તબીબ દર્શનભાઈ શાહે અદભુત તસવીર કલા ઉજાગર કરી છે. ચારેક વર્ષ પહેલાં હિન્દુસ્તાનના નેકલેસ સમા વિસ્તાર લેહ-લદાખનો ઘનિષ્ઠ પ્રવાસ કરી શીત પ્રદેશની ઉત્તર ભારતીય સંસ્કૃતિને ડો. દર્શનની આંખે તસવીરોની પાંખે અદભુત સર્જનાત્મકતા ખીલી અને એના ઉપરથી 'ક કાશ્મીરનો ક' નામનું અદભૂત પ્રદર્શન બન્યું. ડો. દર્શની લેહ-લદાખની આ જાનદાર અને શાનદાર તસવીરોના આધારે રાજ્ય સરકારના લલીતકલા અકાદમી દ્વારા ગુજરાતી પ્રતિભાઓ દ્વારા પરદેશમાં આપણા દેશની ગરીમાને ઉજાગર કરવાની યોજના અંતર્ગત ડો. દર્શનની પસંદગી કરવામાં આવી છે. ડો. દર્શનનું અદભૂત પ્રદર્શન 'ક કાશ્મીરનો ક' આગામી ટૂંક સમયમાં અમેરિકાની ધરતી ઉપર યોજાનાર છે. 'ક કાશ્મીરનો ક' અમેરિકામાં યોજાય તે પહેલાં અમદાવાદની રવિશંકર રાવલ લલિતકલા આર્ટ ગેલેરીમાં તેનો પ્રિવ્યૂ-શો તા. ૧થી ૩ જાન્યુઆરી યોજવામાં આવ્યો હતો. આ પ્રદર્શનના પ્રિવ્યૂ શોને અમદાવાદના લાયન ગવર્નરે ખુલ્લો મૂકતાં ડો. દર્શનને ગુજરાત અને હિન્દુસ્તાનનું નામ દેશ-વિદેશમાં ગૂંજતું કરવા માટે શુભકામનાઓ પાઠવી હતી. અતિથિ વિશેષપદેથી ઉપસ્થિત રહેલા ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલકભાઈ ત્રિવેદીએ ગુજરાતના સર્જનાત્મક તસવીરકાર ડો. દર્શન શાહને તેમની સર્જનયાત્રા બદલ અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, વિવિધ પ્રદેશોની અલભ્ય એવા કુદરતી સૌંદર્યને કચકડે કંડારીને તસવીરકારો અદભુત ભાવવિશ્વ ખડું કરી દેતાં હોય છે. ડો. દર્શનની કેમેરાની કમાલ મંત્રમુગ્ધ કરી દે તેવી એમ તેમણે ઉમેર્યું હતું.આ પ્રસંગે ડો. નરેશ શાહ, અપૂર્વભાઈ શાહ, ડો. જયેશ શાહ, રાજકોટના જાણીતા તસવીરકાર અને તબીબ ડો. વિમલ હેમાણી, કવિ પારસ હેમાણી, આશાબહેન શાહ, પંકજભાઈ ગાંધી, સંજય જોષી, મમતાબહેન શાહ સહિત મોટી સંખ્યામાં કલારસિકોએ આ પ્રદર્શનને માણ્યું હતું અને ડો. દર્શનને અંતઃકરણ પૂર્વકની શુભકામનાઓ પાઠવી હતી.

# એસ જી પ્રાથમિક શાળામાં બુદ્ધિ પ્રતિભા શોધ પર કાર્યક્રમ યોજાયો



એસ.જી પ્રાથમિક શાળામાં ધોરણ-૫થી૮ ના વિદ્યાર્થીઓ માટે બુદ્ધિ પ્રતિભા શોધ પર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બુદ્ધિ કસોટી આધારિત વિવિધ પ્રકારના પ્રશ્નો દ્વારા વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાન અને વર્તમાન પ્રવાહના જ્ઞાનની ચકાસણી કરી વધારાનું જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષક અપર્ણા બેન દ્વારા કરવામાં આવ્યું હતું.




ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગમાં બેઝીક બી.એસ.સી નર્સિંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કોલેજ કેમ્પસમાં તા.૨૬/૧૨/૨૦૧૬ સોમવાર થી તા. ૩૦/૧૨/૧૬ શુક્રવાર સુધી ડેઝ સેલિબ્રેશન કરાયુ હતું અને તા. ૩૧/૧૨/૨૦૧૬ શનિવારના રોજ ક્રિસમસ, ન્યુયર અને ટ્રેડીશનલ ડે નું સેલિબ્રેશન કરાયું હતું આ કાર્યક્રમમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ શ્રી હરિભાઈ ચૌધરી અન્ય ટ્રસ્ટી શ્રી માધુભાઈ ચૌધરી, શ્રી ગોવિંદભાઈ ચૌધરી, શ્રી સેંધાભાઈ ચૌધરી, શ્રી જેસંગભાઈ ચૌધરી, તેમજ કેમ્પસ ડાયરેકટર શ્રી યશવંતભાઈ ચૌધરી અને ચૌધરી ઈન્સ્ટીટયુટ ઑફ નર્સિંગના પ્રિન્સીપાલ શ્રી ડૉ. મયુક જૈન, ફેકલ્ટી મેમ્બર તથા તમામ ટ્રસ્ટી ગણો કેક કાપીને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાને મહાનગર પાલિકા ગાંધીનગર ખેલ મહાકુંભ -૨૦૧૬ સ્પર્ધામાં દ્વિતીય શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામેલ. જે અન્વયે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે શાળાને રૂ.એક લાખ નો ચેક આપી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આચાર્યા સિસ્ટર રેણુકા, વ્યાયામ શિક્ષિકા દિપાબહેન બારોટ તથા વિદ્યાર્થી રમતગમત મંત્રી અપૂર્વ પાનીકરને શાળાનો આ ચેક આપી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં. શાળા મેનેજમેન્ટ શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ શાળાને અભિનંદન પાઠવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

'કૅશલેસ' આવકારદાયક છે પણ આપણા દેશને 'કાસ્ટલેસ' કરવાની વધારે જરૂર છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
દંગલ
૧.૩૦, ૪.૩૦
૭.૩૦. ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
અસાસિન્સ ક્રીડ
(હિન્દી, ૩ડી)
૧.૦૦, ૫.૩૦,
૧૦.૦૦
અસાસિન્સ ક્રીડ
(અંગ્રેજી, ૩ડી)
૩.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૪**
બેફિકરે
૧૨.૪૫, ૬.૪૫
કૂખ
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દંગલ
૧૦.૦૦, ૨.૩૦,
૫.૩૦, ૧૦.૦૦

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# સંબંધોમાં આપણો અભિગમ : "તમે મારા છો" કે "હું તમારી છું ?"

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

શ્રીમદ ભાગવતની કથા મુજબ વ્રજવાસ દરમ્યાન કૃષ્ણના અનેક ગોપીઓ સાથે અનન્ય સંબધો હતા. એ બધી જ ગોપીઓમાં, બે ગોપીઓ સાથે કૃષ્ણના વિશેષ અનન્ય સંબંધો હતા. એ બે ગોપીઓ એટલે ચંદ્રાવલી અને રાધાજી. એ બંને ગોપીઓ પિતરાઈ બહેનો હતી. ચંદ્રાવલીના પિતા ચંદ્રભાનું અને રાધાજીના પિતા વૃષભાનું જે બંને ભાઈઓ હતા. એવું કહેવાય છે કે એ બંને ગોપીઓમાં પણ ચંદ્રાવલી કરતાં રાધાજીનો કૃષ્ણ સાથેનો સંબંધ વધારે પ્રગાઢ હતો. હા, ચંદ્રાવલી અને રાધાજી બંનેનો પ્રેમ અલૌકિક હતો, બંને ગોપીઓનો કુષ્ણ પ્રત્યેનો ભાવ અનન્ય હતો અને બંને ગોપીઓ કૃષ્ણની સૌથી વધુ પ્રિય ગોપીઓ હતી, છતાં રાધાજીનો પ્રેમ વધારે પ્રગાઢ અને શ્રેષ્ઠતમ ગણાય છે તેનું કારણ શું?

શ્રીમદ ભાગવતની અને કૃષ્ણ લીલાની કથાઓના અભ્યાસુઓ અને વિદ્વાનો એવું મંતવ્ય ધરાવે છે કે, ચંદ્રાવલી અને રાધાજીના કૃષ્ણ પ્રત્યેના ભાવમાં આમ તો કોઈ જ ફર્કના હતો પણ આ વિદ્વાનો રાધાજી અને ચંદ્રાવલી ના કૃષ્ણ પ્રત્યેના પ્રેમભાવના લક્ષણઓમાં એક સૂક્ષ્મ તફાવત જુવે છે. એ સૂક્ષ્મ તફાવત એટ્લે "ત્વં મમૈવ" એટલે કે "તમે મારા છો" અને "તવૈવાહં" એટલે કે "હું તમારી છું". અભ્યાસુઓ અને વિદ્વાનોના મતે ચંદ્રાવલિનો કૃષ્ણ પ્રત્યેનો ભાવ "ત્વં મમૈવ" હતો જ્યારે રાધાજીનો કૃષ્ણ પ્રત્યેનો ભાવ "તવૈવાહં" હતો. આ "તમે મારા છો" અને "હું તમારી છું" જેવા ભાવભેદને કારણે જ રાધાજી પોતાની બહેન ચંદ્રાવલી કરતાં કૃષ્ણ પ્રત્યેના પ્રેમભાવમાં આગળ નીકળી જાય છે.

મનોવૈજ્ઞાનિકો અને માનવીય વર્તનશાસ્ત્રના તજજ્ઞો એવું માને છે કે માનવીય સંબંધો કે પ્રેમ સંબંધોમાં પુરુષને સમર્પણ ગમે છે જ્યારે સ્ત્રીને સ્વામિત્વ ગમે છે. આનો અર્થ એવો થયો કે સ્ત્રી-પુરુષ ના સંબંધોમાં પુરુષ એવું ઈચ્છે છે કે સ્ત્રી પોતાને સમર્પિત થઈ જાય જ્યારે સ્ત્રીને પુરુષનું સ્વામિત્વ સ્વીકારી લેવું ગમે છે. મનોવૈજ્ઞાનિકોના મત મુજબ આ જ બંનેની શ્રેષ્ઠ પસંદગીઓ છે. શ્રીમદ ભાગવતની અને કૃષ્ણ લીલાની કથાઓના રાધાજી કદાચ પ્રેમસંબંધનું આ મનોવિજ્ઞાન કે વ્યાકરણ સારી રીતે જાણતા હશે એટલે જ તેમણે કૃષ્ણનું સ્વામિત્વ સ્વીકારી લીધું હશે અને "હું તમારી છું" જેવા પ્રેમભાવ સાથે કૃષ્ણને તેઓ સમર્પિત થઈ ગયા હશે.



માનવીય સંબંધોમાં બીજાને પોતાના કરવાની ઈચ્છા તો દરેક વ્યક્તિની હોય છે. "તું મારો થા" ની ઈચ્છાથી જ દરેક સંબંધો બંધાતા હોય છે, વિકસતા હોય છે અને નિભાવતા પણ હોય છે. "તું મારો છે" જેવા પ્રેમભાવમાં માલિકીપણાનો ભાવ વધારે હોય છે. જે સંબંધોમાં માલિકીપણાનો ભાવ વધારે હોય છે એ સંબંધોમાં અધૂરપ હોય છે. કૌટિમ્બિક સંબંધોમાં, સામાજિક સંબંધોમાં કે મૈત્રી સંબંધોમાં બીજી વ્યક્તિને જ્યારે પોતાની કરવાના ભાવ જાગે છે ત્યારે ક્યારેક એવું બને કે એવા સંબંધોમાં હરિફાઈનું તત્વ પ્રવેશે, ઈર્ષાનું તત્વ પ્રવેશે કે બીજાને પોતાના કરવાની હોડ જાગે. આ પ્રકારની હરીફાઈને કારણે ક્યારેક સંબંધોમાં કડવાશ ઊભી થાય, ઝઘડાઓ થાય અને બીજાને પોતાના કરવાની હોડ માં એવું પણ બને કે બીજી કેટલીયે વ્યક્તિ સાથેના સંબંધો માં તીરાડો પડી જાય.

બે વ્યક્તિઓના સંબંધોમાં જ્યારે "તમે મારા છો"નો ભાવ આવે છે ત્યારે સામેની વ્યક્તિને જીતી લેવાનો ભાવ પેદા થાય છે. આવા સંબંધોમાં એક વ્યક્તિ જીતે છે ત્યારે બીજી વ્યક્તિ સ્વાભાવિક રીતે જ હારે છે. આવું બને છે ત્યારે પોતાની જીતની ખુશીમાં બીજાની હારના દુઃખનો સ્પર્શ નથી થઈ શકતો. પ્રેમ સંબંધમાં જ્યારે બીજાની હારના દુઃખને વ્યક્તિ સ્પર્શી નથી શકતી કે સમજી નથી શકતી ત્યારે પ્રેમસંબંધોમાં શૂન્યતા સર્જાય છે, જે બન્નેમાથી કોઈપણ વ્યક્તિ સહન નથી કરી શકતી. મહાભારત નું યુધ્ધ શરૂ થવાનું હતું તેના આગલા દિવસે કૃષ્ણએ પાંચેય પાંડવો અને દ્રૌપદીને છાવણીમાં એકઠા કર્યા અને સૂચન કર્યું કે સૌ કોઈ, વ્યક્તિગત રીતે , પ્રમાણિકતાથી અને ખુલ્લા મનથી પોતપોતાની નબળાઈઓ રજુ કરીને પોતાનું મન હળવું કરે. કૃષ્ણએ કહ્યું કે યુધ્ધ જીતવું હશે તો મનથી ખુલ્લા તો થવુ જ પડશે. કૃષ્ણના સૂચનથી પાંચેય પાંડવો અને દ્રૌપદીએ પ્રમાણિક પણે પોતપોતાની નબળાઈઓ રજૂ કરી. છેલ્લે કૃષ્ણનો વારો આવ્યો. કૃષ્ણએ પોતાની નબળાઈ રજૂ કરતાં એક વાત એ કહી કે પોતાને જે કોઈ પ્રેમ કરે છે તેને જ તે વધારે હેરાન કરે છે. પોતે જેને ચાહે છે તેને વધારે સંકટમાં નાખે છે. કૃષ્ણ એ કહ્યું કે પોતાના માટે જે કોઈ એવું ભાવ રાખે છે કે "કૃષ્ણ મારા છે" તેને બદલે જે કોઈ એવો ભાવ રાખે છે કે "હું કૃષ્ણની છુ" તેના કૃષ્ણ પોતે કેદી બની જાય છે. કૃષ્ણ પોતે રાધાજી, દ્રૌપદી અને અર્જુનના એ પ્રકારના પ્રેમભાવને જાણતા હશે તેથી જ તેઓ રાધાજી, દ્રૌપદી અને અર્જુન ના આત્મજા બની ગયા હશે. જે સંબંધોમાં "તવૈવાહં" નો પ્રેમભાવ જાગે છે એ સંબંધોમાં અધૂરપ નથી રહેતી પણ એ સંબંધો પૂર્ણતામાં પરિણામે છે અને એ બંને વ્યક્તિઓ ઐક્યની અનુભૂતિ કરી શકે છે.

બે વ્યક્તિઓના સંબંધોમાં બંનેમાથી કોઈપણ વ્યક્તિમાં જો અભિમાન કે અહંકાર ના હોય તો જ બંને વચ્ચે પ્રગાઢ સંબંધો સ્થાપી શકાય અને તો જ બંનેમાં સમર્પણભાવ જાગી શકે. સંબંધોમાં જ્યારે સમર્પણભાવ જાગે છે ત્યારે જ વ્યક્તિ એકબીજાના આત્માને સ્પર્શી શકે છે અને એકબીજાના આત્મીય બની શકે છે.

બાળક સૌને વ્હાલું શા માટે લાગે છે? બાળકના પ્રેમનો ભાવ રાધાજી જેવો "તવૈવાહં" હોય છે. બાળક ક્યારેય કોઈને પોતાના કરવા નથી માંગતુ પણ સ્વયં બધાનું થઈ જાય છે તેથી જ બાળક સૌને વ્હાલું લાગે છે. માનવીય સંબંધોમાં "ત્વં મમૈવ" નો ભાવ ને બદલે "તવૈવાહં" ભાવનું આપણાં મન અને હૃદયમાં ભાવારોપણ કરી શકીએ તો આપણે આપણાં સૌ કુટુંબીજનો, સ્નેહીઓ, સંબંધીઓ અને મિત્રોના હૃદયમાં સરળતાથી સ્થાન પામી શકીએ અને તેઓના આત્મીય બની શકીએ.